બેસણું

મારા કાકા **સોલંકી પ્રહલાદજી મગનજી** તા. ૨૭-૬-૨૦૧૩ના ગુરૂવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. તેઓશ્રીના **સુતક તથા બેસણું તા. ૧-૭-૨૦૧૩ના સોમવાર**ના દિવસે રાખેલ છે, ભગાવનને ગમ્યું તે ખરું.

શેવા કુટવાનું બંધ રાખેલ છે.
સમય : ૧૦.૦૦ થી ૧.૦૦ કલાકે

સ્થળ : મુ. પો. પ્રાંતિયા, મગનકાકાનો કૂવો, તા. જિ. ગાંધીનગર

સોલંકી અમરસિંહ મગનજી
સોલંકી સોમાજી મગનજી
સોલંકી રૂમાલજી મગનજી
સોલંકી અરવિંદસિંહ અમરસિંહ
પૂર્વ ચેરમેન, કારોબારી સમિતિ ગાંધીનગર જિલ્લા પંચાયત

ગૃહમાતા જોઈએ છે

ધોરણ-૧૨ પાસ ઉંમર વર્ષ ૪૫થી વધારે તથા અનુભવીને અગ્રતા આપવામાં આવશે. બાયોડેટા સાથે તા. ૧-૭-૨૦૧૩ને સોમવારના રોજ સવારે ૯ કલાકે નીચેના સ્થળે રૂબરૂ મળવું.

શ્રીમતી રતનબેન એસ. ચૌધરી છાત્રાલય
પથિકાશ્રમ બસ સ્ટેન્ડની સામે, સેક્ટર-૭/સી, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૬૫૪૯

સે. ૨૧માં પાર્કિંગ સમસ્યા ઉકેલાશે વિશાળ જગ્યામાં નવું પાર્કિંગ બનશે

કાર્મેલ સ્કૂલ સામેની ખુલ્લી જગ્યામાં પાર્કિંગ બનાવવા વિચારણા : સી.ટી.પી.ના અભિપ્રાય બાદ આયોજન થશે

ગાંધીનગર, તા. ૨૮

સે. ૨૧માં પાર્કિંગની સમસ્યા દિનપ્રતિદિન પેચીદી બની રહી છે. શહેરના મુખ્ય શોપીંગ વિસ્તારમાં પાર્કિંગ પ્લેસ પર દબાણો વધતા રોજબરોજ માર્ગ વચાળે વાહનો આડેધડ ખડકાય છે. વાહનોની સંખ્યા વધતા પાર્કિંગ પ્લેસ માટેની જગ્યા પર્યાપ્ત થતી નથી. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા સેક્ટર૨માં માઉન્ટકાર્મેલ સ્કૂલ સામેની ખુલ્લી જગ્યામાં નવું પાર્કિંગ પ્લેસ બનાવવા વિચારણા હાથ ધરવામાં આવી છે. આ મામલે તંત્રકક્ષાએથી દરખાસ્ત તૈયાર કરી ટૂંકમાં વિભાગને મોકલી દેવાશે.

સમગ્ર શહેરમાં પાર્કિંગની સમસ્યાએ વિકરાળ સ્વરૂપ લીધુ છે. છેલ્લા એક દાયકામાં વાહનોની સંખ્યામાં હજારો ગણો વધારો થતાં ટ્રાફીકને લગતી સમસ્યાઓ શિરદર્દ સમાન બની છે. શહેરના માર્ગોપર દોડતા વાહનોની સાથે મેગાસીટીની જેમ ક્યારેક ટ્રાફીક જામના દૃશ્યો પણ જોવા મળે છે. બીજી તરફ શહેરમાં સ્થિત વિવિધ સરકારી કચેરીઓ ઉપરાંત શોપીંગ સહિતના જાહેર સ્થળોએ પણ પાર્કિંગનો પ્રશ્ન મુખ્ય બની ગયો છે. શહેરના મુખ્ય શોપીંગ સેન્ટર સે. ૨૧માં પણ તંત્ર દ્વારા પાર્કિંગ પ્લેસ પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યા બાદ પણ માર્ગ વચાળે વાહનો ખડકાતા સાંજના સમયે ચક્કાજામની સ્થિતિ સર્જાય છે. પાર્કિંગ પ્લેસ પર લારી-ગલ્લાના ચાલકોએ અડીંગો જમાવતા કારચાલકોને પાર્કિંગ માટે જગ્યા મળતી નથી. જો કે પાર્કિંગ વ્યવસ્થા યોગ્ય કરવા આ મામલે પોલીસને જવાબદારી સોંપવામાં આવી છે. બીજીતરફ મુખ્ય સોપીંગ સેન્ટરમાં પાર્કિંગ પ્રોબ્લેમ નિખારવા તંત્ર દ્વારા નવુ પાર્કિંગ પ્લેસ ઉભુ કરવા વિચારણા હાથ ધરવામાં આવી છે. સે. ૨૧માં સ્થિત કાર્મેલ સ્કૂલની સામેની ખુલ્લી જગ્યામાં પાર્કિંગ પ્લેસ વિકસાવવા આયોજન કરવામાં આવી રહ્યું છે. સી.ટી.પી. કક્ષાએથી જગ્યાનો અભિપ્રાય મેળવી આગળની કાર્યવાહી હાથ ધરાશે. વિશાળ પૃથ્વી જગ્યામાં પાર્કિંગ પ્લેસનું નિર્માણ કરવામાંઆવશેતોશોપીંગ સેન્ટરની પાર્કિંગ સમસ્યાનો ઉકેલ આવશે.

પ્રવાસન નિગમનો વેચાણ આઈડિયા ફ્લોપ, હવે મિલકતો ભાડે આપશે

સાત વર્ષ પછી પ્રથમ તબક્કાની આઠ હોટલોમાં મેનેજમેન્ટ કોન્ટ્રાક્ટ નક્કી કર્યો : નિગમ ૪.૫૦ લાખ ચોરસ મીટર જમીનો વેચશે નહીં

(ગૌતમ પુરોહિત) ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત -વાસન નિગમ છેલ્લા સાત વર્ષથી તેની ન્યેપટી વેચવામાં નિષ્ફળ જતાં હવે તેણે -થમ યોજના જાહેર કરતી વખતે નિગમના અધિકારીઓએ મિલકતોની આડેધડ આકારણી કરતાં ન્યેપટીની કિંમતો બજાર કિંમત કરતાં ઘણી વધુ આંકવામાં આવી હતી જેથી કોઈ ખરીદાર મળ્યા ન હતા.

-વાસન નિગમ પાસે બિન ઉપજાઉ દરિયાકિનારાની ન્યેપટી, તોરણ હોટલ્સ અને જમીનો છે જેને વેચી દેવાનો ઠરાવ કર્યો હતો, જો કે આ ન્યેપટીના દામ ઉંચા હોવાના કારણે નિગમની આ -પોઝલ ફેઈલ થઈ હતી. નિગમે સતત ત્રણ વર્ષ તબક્કાની આઠ હોટલોને ભાડે આપવાનું નક્કી કર્યું છે. જો કે હવે નિગમ પાસે જમીન વેચવાનો કોઈ પ્લાન નથી. અધિકારીઓએ સરકારની મંજૂરી મેળવીને આ હોટલો -ઈવેટ પાર્ટીઓને ચલાવવા આપી દેવાનું ટેન્ડર ઈસ્યુ કર્યું છે.

ગુજરાતમાં ૧૯૭૫મા સ્થાપના બાદ રાજયમાં આ નિગમે વિવિધ જગ્યાએ મિલકતોની ખરીદી કરી હતી. આ જગ્યાઓનો ઉપયોગ ન થતાં ૧૯૯૪મા તેને વેચી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો પરંતુ રાજકીય ઈચ્છાશક્તિના અભાવે તેનો ૧૨ વર્ષ સુધી નિકાલ થઈ શક્યો ન હતો. છેવટે ૨૦૦૬મા નિગમે ફરીથી પુર્નગઠનની યોજના જાહેર કરી હતી. આ સુધી ખરીદારોની રાહ જોઈ હતી પણ અમદાવાદના સોલા પાસેની એક જમીન વેચવા સિવાય કોઈ ખરીદાર મળ્યો ન હતો.

● અનુસંધાન પાના - ૭ પર

ટાસ્કફોર્સની ટીમ સે. ૨૧ ડીસ્ટ્રીક્ટ શોપીંગમાં ત્રાટકી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગરપાલિકાના ટાસ્કફોર્સ દ્વારા આજે સે. ૨૧માં હાથ ધરાયેલ તપાસ દરમ્યાન ૯ કિલો ૮૦૦ ગ્રામ જેટલો મિસ બ્રાન્ડેડ જથ્થો પકડી પાડી તેનો નાશ કરવામાં આવ્યો હતો.

આજે આ ટાસ્કફોર્સના અધિકારીઓએ મીસ બ્રાન્ડેડ ચવાણુ, બ્રેડ, અથાણુ, બેકરી આઈટેમ, પાણીપુરીનો સામાન, ખાખરા, ગાંઠીયા, ચટ્ટણી, દહીં, મુખવાસ, પાઉ, ક્રીમરોલ, પીઝાના રોટલા જેવી વસ્તુઓ પકડી પાડી અને તેનો નાશ કરાવ્યો હતો.

મીસ બ્રાન્ડેડ વસ્તુઓનો વેપાર કરતા વેપારીઓમાં ટાસ્કફોર્સની કામગીરીને લઈ ફફડાટ વ્યાપી ગયો છે. સે. ૨૧માં આજે ૮ જેટલી દુકાનોની તપાસ હાથ ધરવામાં આવી હતી. કોર્પોરેશન સત્તાવાળાઓની અખબારી યાદીમાં જણાવાયા પ્રમાણે ફૂડસેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ અન્વયે આ ચીજવસ્તુઓનો નાશ કરાવવામાં આવ્યો છે.

ઈમ્પેક્ટ ફી ભરવા શહેરના ૧૯૦૦ મકાન માલિકોએ રસ દાખવ્યો

ઈમ્પેક્ટ ફી અન્વયે ૧૯ ઓગષ્ટ પછી પ્રક્રિયા હાથ ધરાશે : ૯ હજાર ફોર્મનું વિતરણ કરાયું છે

ગાંધીનગર, તા. ૨૮

શહેરના ગેરકાયદેસર બાંધકામોને નિયમિત કરવા ગુડા દ્વારા હાથ ધરાયેલી ઈમ્પેક્ટ ફી ની પ્રક્રિયા અન્વયે અત્યાર સુધીમાં ૧૯૦૦ મકાનમાલિકોએ રસ દાખવ્યો છે. હજી આગામી તા. ૧૯ ઓગષ્ટ સુધી ગુડા દ્વારા ઈમ્પેક્ટ ફી વસુલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવસે.

મેગાસીટી સહીત રાજયના અન્ય શહેરોની જેમ ગાંધીનગરમાં સ્થિત ગેરકાયદેસર બાંધકામોને રેગ્યુલાઈઝ કરવા ગુડાના તંત્ર દ્વારા ઈમ્પેક્ટ ફી અન્વયે પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. અગાઉ આ મામલે ફીનું ધોરણ ઉંચુ રાખવા ઉપરાંત મકાનના નકશા સહીતની વિગતો પુરૂ પાડવાનું કામ ખર્ચાળ અને જટીલ હોવાથી સરકાર દ્વારા ઈમ્પેક્ટના નિયમોમાં જરૂરી સુધારા-વધારા કરવામાં આવ્યા હતા. ત્યારબાદ નવા નિયમોને આધીન ગુડાના તંત્ર દ્વારા શહેરીજનોને જાગૃત કરવા સેક્ટરે સેક્ટરે ટેબ્લો કાર્યરત કરી ફોર્મ વિતરણનું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

આ દરમિયાન સેક્ટરવાસીઓને બાંધકામ નિયમિત કરવાની પ્રક્રિયા સંદર્ભે યોગ્ય માર્ગદર્શન પણ પુરૂ પાડવામાં આવ્યું હતું. ગુડા દ્વારા ઈમ્પેક્ટ ફી વસુલવાની કાર્યવાહી તેજ બનાવવા આરંભાયેલા આ અભિયાનના અંતે ૫ હજાર નાગરિકોએ ઈમ્પેક્ટના ફોર્મ મેળવ્યા છે. જ્યારે ગેરકાયદેસર બાંધકામને નિયમિત કરવાની આ પ્રક્રિયા અન્વયે ૧૯૦૦ અરજદારોએ ફોર્મ ભરીને પરત કર્યા છે. બે વર્ષ પૂર્વે પૂર્ણ કરાયેલ બાંધકામને કાયદેસર કરવા અમલી બનાવાયેલ ઈમ્પેક્ટ ફી ની યોજના અન્વયે આગામી તા. ૧૯ ઓગષ્ટ સુધી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

રાષ્ટ્રીય લઘુમતિ આયોગના સભ્યશ્રી અજેયસિંહ આજે ગાંધીનગરની મુલાકાતે આવ્યા હતા. તેમણે કચ્છના સરહદી વિસ્તારના ખેડૂતોના પ્રશ્નો અંગે રાજયના રાજયપાલશ્રીની પણ મુલાકાત લીધી હતી અને તે અગાઉ પત્રકારો સાથે વાતચીત કરતાં રાજયમાં લઘુમતિઓને દબાણ હેઠળ રાખવામાં આવતી હોવાનો આક્ષેપ સરકાર પર કર્યો હતો. પત્રકારો સાથે વાતચીત વેળાએ લેવાયેલ તસવીર. (તસવીર : દિપક જાની)

સે. ૩૦માં સફાઈ અભિયાન લંબાવવુ પડ્યું !

બે હજાર દંડ વસુલાયો : સફાઈની નિષ્ફળતાઓથી ચોંકી ઉઠેલા તંત્રએ હવે નવી કાર્યયોજના તૈયાર કરવાનું મન બનાવ્યું છે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના સે. ૩૦માં હાથ ધરાયેલ સંપૂર્ણ સફાઈ અભિયાન વધુ એક દિવસ લંબાવવાની તંત્રને ફરજ પડી છે. આજે બીજા દિવસે પણ તંત્રના કર્મચારીઓએ ૮૦૦ટન જેટલા કચરાનો નિકાલ કર્યો હતો તેમજ ૨૫ ટન જેટલો કચરો જે કાટમાળ જેવો હતો તેને સ્પેડ કર્યો હતો.

આજે સવારથી જ સફાઈ કર્મચારીઓદ્વારા આ સફાઈ અભિયાન આગળ ધપાવવામાં આવ્યું હતું. પરંતુ અહિ કચરો વધારે પ્રમાણમાં નીકળવા પામતા તંત્રવાહકો ચોંકી ઉઠ્યા હતા. અભિયાના બીજા દિવસે તંત્રના અધિકારીઓએ રૂ. બે હજાર જેટલો દંડ વસુલવા સાથે ૧૧ જેટલા ઈસમોને નોટીસો પણ ફટકારી છે.

મળતી વિગતો મુજબ અહિ બંધ મકાનો ઘણા છે તેમજ નિકાલ યોગ્ય મકાનો ઘણા જણાયા છે અને તેનો કાટમાળ તેમજ કચરો ઘણો બધો નીકળતાં તંત્રની કામગીરી વધી જવા પામી છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સંપૂર્ણ સફાઈ અભિયાનના પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત ચાર વિસ્તારોની પસંદગી કરાઈ હતી. પ્રથમ સે. ૨માં હાથ ધરાયેલ અભિયાનમાં ૧૭૦ટન કરતાં પણ વધુ કચરાનો નિકાલ કર્યો હતો. હવે સે. ૩૦માંથી પણ ૧૮૦ટન જેટલો કચરાનો નિકાલ કરતાં શહેરમાં સફાઈના નામે કેવું અંધેર ચાલતું હતુ તે જોઈ તંત્રવાહકો ચોંકી ઉઠ્યા છે.

સફાઈ અભિયાનને લઈ સત્તાવાળાઓએ આખી વ્યુહરચનાને અસરકારક બનાવવાની સાથે સાથે સફાઈ કામગીરીના અસરકારક મોનીટરીંગ માટે નવી ફોર્મ્યુલા તૈયાર કરવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. પ્રાયોગિક અભિયાનમાં જ તંત્રની નિસ્ફળતાઓ જે છતી થઈ છે તેને લઈ ચોંકી ઉઠેલા અધિકારીઓએ નવેસરથી વસાહતીઓ સાથે આ મુદ્દે લોક-ચર્ચાનું અભિયાન હાથ ધરવાની વિચારણા કરી રહ્યાનું જાણવા મળેલ છે.

નુકશાન ન થાય તે માટે સજાગતા કેળવો

વાવાઝોડા પહેલાં

- ✓ અફવા ફેલાવશો નહીં, ઘભરાશો નહિ.
- ✓ આવતા મોબાઈલ ફોન ચાર્જ કરી રાખો
- ✓ સમાચારો અને ચેતવણીઓ સતત સાંભળતા રહો
- ✓ બેટરીથી ચાલતા રેડિયો વાપરવા સલાહભર્યું છે
- ✓ આપના રેડિયો સેટને ચાલુ હાલતમાં રાખો, મદદગારી લો
- ✓ સ્થાનિક અધિકારીઓના સતત સંપર્કમાં રહેવા પ્રયત્ન કરો
- ✓ જો જોખમી વિસ્તારમાં રહેતા હોવ તો વાવાઝોડાની પ્રબળ આગાહી સમયે જ સ્થળાંતર કરવું સલાહભર્યું છે
- ✓ સ્થળાંતર કરવા માટે સરકાર તરફથી સૂચના મળે તો અવશ્ય પાલન કરવું
- ✓ સ્થળાંતર સમયે સામાન તથા ઢોર-ઢાંખરની સલામતીનું ધ્યાન રાખો
- ✓ ઢોર-ઢાંખરને ખૂંટથી છૂટા કરી રાખો
- ✓ માછીમારોએ દરિયામાં જવું નહિ, બોટ સલામત સ્થળે લંગરવી
- ✓ અગરિયાઓએ સલામત સ્થળે ખસી જવું
- ✓ વહેલી માટે તૈયાર થયેલ પાકને સમયસર લણી લઈ સલામત સ્થળે ખસેડો, જેથી વાવાઝોડાથી થતું નુકશાન અટકાવી શકાય
- ✓ અગાઉ કાઈ શકાય તેવા ઝિંગા સ્થળે ખાનમાં રાખો
- ✓ રેડિયો, ટોર્ચ, કાગળ, વપરાશી બેટરી સાથે રાખો
- ✓ બિમાર વ્યક્તિઓ અને બાળકો માટે બોરડ, પાણી અને દવાઓ સાતેક દિવસ ચાલે તેવી વ્યવસ્થા રાખો
- ✓ સુકો નાસ્તો, પાણી, પાવણા, કપડાં અને પ્રાથમિક સારવારની કીટ સાથે રાખો
- ✓ આકસ્મના ટેલીફોન નંબર હાથવગા રાખો
- ✓ પીવાના પાણીનો બંધ વાસણોમાં સંગ્રહ કરવો

વાવાઝોડા દરમ્યાન

- ✓ જર્જરિત મકાન કે વૃક્ષ નીચે આશ્રય લેશો નહિ
- ✓ રેડિયો, ટી.વી. પર સમાચાર સાંભળતા રહો અને સૂચનાઓનો અમલ કરો
- ✓ વાવાઝોડાના સમયે ખાલાર નીકળવાનું સાહસ કરવું નહિ
- ✓ ઘર ખાલી કરવાની સૂચના ન મળી હોય તો ઘરના મજબૂત ભાગમાં આશરો લઈ અંદર જ રહો
- ✓ વાવાઝોડા સમયે રેલ્વે અને દરિયાઈ મુસાફરી હિતાવહ નથી
- ✓ બહુમાળી મકાનો ઉપર કે મકાનોની છત ઉપર રહેવાનું ટાળો
- ✓ ઘરની બહાર હોવ તો વીજળીના તારથી દૂર રહો, સાંભળો કે વીજ ઉપકરણોને અડકો નહિ
- ✓ વીજ પ્રવાહ અને ગેસ કનેકશન બંધ કરી દેવા
- ✓ ઘરના તમામ બારી બારણાં બંધ રાખો, નાના બાળકોની વિશેષ કાળજી લો
- ✓ ખુલ્લી જગ્યામાં સંગ્રહેલા હોય તો સલામત આશરો લેવો
- ✓ ચેતવણી તરફ ધ્યાન આપો અને કરવા નીકળશો નહિ
- ✓ દરિયા નજીક, ઝાડ નીચે કે વીજળીના થાંભલા કે વાઈનો નજીક ઉભા રહેશો નહિ
- ✓ વીજળીના થાંભલાથી દૂર રહો
- ✓ માછીમારોએ દરિયામાં ન જવું અને હોડીઓ સલામત સ્થળે રાખી આશરો મેળવવો
- ✓ અગરિયાઓએ અગરો છોડી સલામત સ્થળે આશ્રય લેવો
- ✓ ખોટી અફવા અધુરી જાણકારીવાળી માહિતી અફવા ફેલાવતી અટકાવો, આધારભુત સૂચનાઓને અનુસરો

વાવાઝોડા બાદ

- ✓ નુકશાનગ્રસ્ત મકાનોની અંદર જવાનો પ્રયાસ ન કરો
- ✓ અન્ય અસરગ્રસ્તોની મદદ કરો
- ✓ ફોનનો ઉપયોગ જરૂર પુરતો જ કરો
- ✓ ઘર સલામત હોય તો જ ઘરમાં રહો
- ✓ બહાર નીકળતા પહેલાં વાવાઝોડું પસાર થઈ ગયું છે તેની ખાતરી કરીને જ બહાર નીકળવું
- ✓ સ્થાનિક અધિકારીઓની સુચના મુજબ જ વર્તો
- ✓ રેડિયો કે ટી.વી. ઉપર સલામતિનો સ્પષ્ટ સંદેશ મળે ત્યાં સુધી રાહ જુઓ
- ✓ તૂટેલા વીજળીના તાર, પુલ તથા મકાનોથી દૂર રહો
- ✓ સંકટમાગમાંથી પસાર થતા પતરાં, કાચના ટુકડા, સાપ જેવા ઝેરી જીવજંતુથી સાવધ રહો
- ✓ પુરસ્કૃત વિસ્તારોથી દૂર રહો
- ✓ દરિયાઈ મકાન કે માછીમારી માટે જતા અઠવાડિયા ૨ કલાક રાહ જુઓ
- ✓ વીજળીક ઉપકરણો ભીના હાથે ઉપયોગ કરવાનું ટાળો
- ✓ ગેસ કનેકશન લીકેજ નથી તે ચકાસી જુઓ. જો લીકેજનો ખ્યાલ આવે તો બારીઓ ખોલી મકાનની બહાર આવી જાવ
- ✓ જો સ્થળાંતર કરેલ હોય તો સુચના મળે ત્યારે જ અને સુચના મુજબના રૂટ પરથી જ પાછા ફરવાનું રાખો
- ✓ વીજળીના સાધનોને નુકશાન થયું હોય તો પરની વીજ પૂરવઠાની મેઈન સ્વીચ બંધ રાખવી. અધિકૃત વ્યક્તિને બોલાવી સમારકામ કરાવવું
- ✓ પીવાના પાણીને ઉકાળીને જંતુરહિત કરવું ત્યારબાદ ઉપયોગ કરવો
- ✓ જો પાણી અને ખોરાની બાબતમાં કોઈપણ પ્રકારનું નુકશાન જણાય તો સંગ્રહનો ઉપયોગ બંધ કરો અને નાશનું પાણી ન વાપરો
- ✓ અગાઉ કામગીરી માટે કાપર બ્રિજેડ, પોલીસ, મ્યુનિસિપાલીટી કંટ્રોલ રૂમ અને તાલુકા મામલતદાર કચેરીના કંટ્રોલ રૂમનો સંપર્ક કરી શકાય છે
- ✓ અગાવની કામગીરી તાલુકાના ફોરસ્ટ ઓફીસ એજન્સીની મદદથી હાથ ધરવી, તે માટે કોઈપણ ટુકડ રસ્તાનો સહારો ન લેવો
- ✓ વાવાઝોડા પછી સુરક્ષિત ખોરાકનો જ ઉપયોગ કરવો

આપાતકાલિન સંપર્ક (લેન્ડલાઈન ફોન માટે)*

રાજ્ય કંટ્રોલરૂમ ૧૦૭૦ | જિલ્લા કંટ્રોલરૂમ ૧૦૭૭

* મોબાઈલથી સંપર્ક કરવા માટે ડિસ્ટ્રીક્ટ કોડ જોડવો

ગુજરાત સરકાર દ્વારા જનહિતમાં પ્રકાશિત

Govt. of India Regd. No. 38383/82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com